ગાંધીનગર સમાચાર

જન્મદિને વધામણી

લતાબેન ચોકસી
પ્રમુખ
જ્યોતિ મહિલા મંડળ
મો. ૯૪૨૮૦ ૦૦૭૪૬
ફોન : ૨૩૨૨૦૧૬૦

વ્યોમ નીતિરાજ
મો. ૮૯૮૦૦ ૨૨૦૭૭

દિનેશકુમાર પી પ્રજાપતિ
મો. ૯૮૨૪૪ ૬૬૧૨૪



વૈભવ કાછડિયા



સત્યજિતસિંહ જાડેજા

મીરાજ પટેલ

ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા નવોદિત લઘુવાર્તા લેખન શિબિર યોજાશે

ગાંધીનગર, તા. ૫

ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર દ્વારા ગુજરાતી ભાષામાં નવોદિત લઘુ વાર્તાકારોને માર્ગદર્શન મળે તે માટે આગામી તારીખ : ૧૭ થી ૧૯ માર્ચ૨૦૧૬ દરમિયાન એક કાર્ય શિબિરનું આયોજન દાહોદ જિલ્લાના ચોસાલા ખાતે કરવામાં આવ્યું છે.

આ કાર્ય શિબિરના માર્ગદર્શક તરીકે જાણીતા વાર્તાકાર શ્રી રાઘવજી માધડ ઉપસ્થિત રહી ત્રણ દિવસ વાર્તાની પ્રક્રિયા વિશે ચર્ચા કરશે અને અન્ય વિદ્વાનો પણ માર્ગદર્શન આપશે. આ શિબિરમાં ભાગ લેવા ઈચ્છતા નવોદિત વાર્તાકારો 'પોતાની મૌલિક વાર્તા લખીને બાયોડેટા અને ફોટો સાથે તારીખ : ૧૦ માર્ચ૨૦૧૬ સુધીમાં ડૉ.કનૈયાલાલ ભટ્ટ ગુજરાત સાહિત્ય અકાદમી, અભિલેખાગાર ભવન, સેકટર૧૭, ગાંધીનગરના સરનામે અથવા ઈમેલ 9426060601.india@gmail.com ઉપર મોકલી આપવાનું રહેશે. આ શિબિરમાં સંયોજક દ્વારા પસંદ થનાર નવોદિત વાર્તાકારોને અકાદમી તરફથી આવવા જવાનું બીજા વર્ગનું રેલ/બસ ભાડું ચૂકવવામાં આવશે તથા રહેવા જમવાની વ્યવસ્થા કરવામાં આવશે, તેમ ગુજરાત સાહિત્ય અકાદમીની યાદીમાં જણાવાયું છે.

માણેકબા સ્ત્રી અધ્યાપન મંદિર ખાતે માતૃભાષા વંદના કાર્યક્રમ યોજાયો

ડૉ. ઍસ ઍસ રાહીએ સ્વરચિત ગઝલોનું પઠન કરી વિદ્યાર્થીઓને તરબોળ કર્યા
વ્યક્તિને સ્વપ્ન જે ભાષામાં આવે તે જ તેની માતૃભાષા : ડૉ. કેશુભાઈ દેસાઈ

ગાંધીનગર, તા. ૫

શ્રીમતી માણેકબા સ્ત્રી અધ્યાપન મંદિર, અડાલજ અને ડિવાઈન પબ્લિકેશન્સ, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે માતૃભાષા અભિયાન હેઠળ માતૃભાષા વંદના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

સંસ્થાનાં આચાર્યા સુરેખબહેન ચૌધરીએ અતિથિઓનું સ્વાગત કરી કાર્યક્રમની રૂપરેખા બાંધી. પ્રા. અમૃતભાઈ ચૌધરીએ આ પ્રસંગે ઉપસ્થિત જાણીતા ગઝલકાર ઍસ ઍસ રાહી તથા ખ્યાત નવલકથાકાર ડૉ. કેશુભાઈ દેસાઈનો પરિચય આપીને માતૃભાષાનું મહિમાગાન કરી કાર્યક્રમની ભૂમિકા બાંધી તથા પ્રેરણાદાયક પ્રવચન કર્યું.

ડૉ. ઍસ ઍસ રાહીએ પોતાના જીવન પ્રસંગોની કેફિયત રજૂ કરીને માતૃભાષાનું મહત્ત્વ સમજાવતાં ગઝલના સાહિત્ય સ્વરૂપ વિશે સમજ આપી હતી તથા સ્વરચિત ગઝલોનું પઠન કરીને વિદ્યાર્થીઓને રસ તરબોળ કરી દીધા હતા. ડૉ. કેશુભાઈ દેસાઈએ પોતાની આગવી શૈલીમાં માતૃભાષાનું મહત્ત્વ સ્પષ્ટ કરતાં જણાવ્યું હતું કે 'વ્યક્તિને સ્વપ્ન જે ભાષામાં આવે તે જ તેની માતૃભાષા.' એમણે વિવિધ સર્જકો અને તેમની પ્રસિદ્ધ કૃતિઓનાં ઉદાહરણ આપીને માતૃભાષઆનું મહિમાગાન કર્યું હતું. સંસ્થાના નિયામક ફુલજીભાઈએ પ્રાસંગિક વક્તવ્ય આપીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

સંસ્થાની વિદ્યાર્થીની નીલ્પા, પૂજા અને જશોદાએ માતૃભાષાનો મહિમા કરતાં કાવ્યો અને વક્તવ્યો પ્રસ્તુત કર્યાં હતાં. આ પ્રસંગે ડિવાઈન પબ્લિકેશન્સ, અમદાવાદ દ્વારા પ્રકાશિત ડૉ. ઍસ ઍસ રાહીનાં ત્રણ પુસ્તકો અને ડૉ. કેશુભાઈ દેસાઈનાં પાંચ પુસ્તકો એમ કુલ સાત પુસ્તકોનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ સાતેય પુસ્તકો સંસ્થાને ભેટમાં આપવામાં આવ્યાં હતાં.

સમગ્ર કાર્યક્રમ સંસ્થાનાં આચાર્યા સુરેખબહેન ચૌધરીની રાહબરી હેઠળ યોજાયો હતો. કાર્યક્રમનું સંચાલન પ્રા. અયનાબહેન પટેલે કર્યું હતું અને આભારવિધિ સિનિયર અધ્યાપક મુકેશભાઈ વૈદ્ય દ્વારા કરવામાં આવી હતી.

કોલવડા પ્રાથમિક કન્યા શાળા ખાતે માતૃભાષા ગૌરવ દિવસ ઉજવાયો

ગાંધીનગર, તા. ૫

કોલવડા પ્રાથમિક કન્યા શાળા-૧ ખાતે માતૃભાષા ગૌરવ દિવસની ઉજવણી ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવી હતી.

કન્યા શાળા નં. ૧નાં આચાર્યા કુસુમબેનના નેતૃત્વ અને માર્ગદર્શન દ્વારા સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ અંતર્ગત નિબંધલેખન, વક્તૃત્ત્વ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, એકાંકી દ્વારા વિદ્યાર્થીઓમાં રહેલી અખૂટ શક્તિને બહાર લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. શાળામાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓએ આ પ્રવૃત્તિઓમાં ભાગ લઈને કાર્યક્રને સફળ બનાવ્યો હતો.

આચાર્ય દ્વારા માતૃભાષાનું મહત્ત્વ સમજાવી તેની ગરિમા જાળવવા વિદ્યાર્થીઓને શીખ આપવામાં આવી હતી. કાર્યક્રમને સફળ બનાવવા સમગ્ર સ્ટાફે સહકાર આપી જહેમત ઊઠાવી હતી. કાર્યક્રમનું સમગ્ર સંચાલન વિમલબેને કર્યું હતું. આભાર દર્શન વીણાબેન દ્વારા કરવામાં આવ્યું હતું. સીઆરસી રાજુભાઈ દ્વારા સમગ્ર કાર્યક્રમમાં ભાગ લેનારા વિદ્યાર્થીઓને બિરદાવવામાં આવ્યા હતા.

મનોરંજન

સિટી પલ્સ

સ્ક્રીન-૨
જય ગંગાજલ
૧૨.૩૦, ૩.૩૦
૬.૪૫, ૧૦.૦૦

સ્ક્રીન-૩
લંડન હેઝ ફૉલન (અંગ્રેજી)
૨.૦૦, ૬.૦૦, ૧૦.૦૦
લંડન હેઝ ફૉલન (હિન્દી)
૧૨.૦૦, ૪.૦૦, ૮.૦૦

સ્ક્રીન-૪
ઝુબાન
૨.૩૦, ૧૦.૦૦
ફિલ્લમ (ગુજરાતી)
૫.૦૦

સ્ક્રીન-૫
નીરજા
૧.૦૦, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫
જય ગંગાજલ
સવારે ૧૦.૦૦

ચૌધરી વિદ્યાલય ખાતે ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૫

સૅક્ટર-૭ ખાતે કાર્યરત શ્રી જે ઍમ ચૌધરી સાર્વજનિક પ્રાથમિક વિદ્યાલય ખાતે વાર્ષિક ઈનામ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

વર્ષ દરમ્યાન શાળા દ્વારા આયોજિત વિવિધ પ્રવૃત્તિઓમાં વિજેતા નીવડેલાં ૨૬૨ જેટલાં બાળકોને તેમજ શિક્ષણમાં અગ્રેસર રહેનારાં બાળકોને ઈનામો એનાયત કરવામાં આવ્યાં હતાં. આ ઉપરાંત ચૌધરી સમાજના વિદ્યાર્થીઓને તખતબા ફંડમાંથી ઈનામો એનાયત કરવામાં આવ્યાં હતાં.

શાળા પરિવાર તરફથી આ સૌ બાળકોને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. કાર્યક્રમની શોભા વધારવા શાળાના સંચાલક ગણેશભાઈ, શંકરભાઈ તથા દિનેશભાઈ ઉપસ્થિત રહ્યા હતા અને શાળાના તમામ વિભાગના આચાર્યોના હસ્તે ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું.

આ સાથે ઉચ્ચ પ્રાથમિકમાંથી માધ્યમિક વિભાગમાં જઈ રહેલા ધોરણ-૮ના વિદ્યાર્થીઓ માટે શુભેચ્છા કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓ દ્વારા નૃત્યો સહિત મનોરંજક કાર્યક્રમો પ્રસ્તુત કરવામાં આવ્યા હતા તથા વિદાય લઈ રહેલા વિદ્યાર્થીઓએ શાળા સાથેનાં પોતાનાં સંસ્મરણો વાગોળ્યાં હતાં.

કાર્યક્રમને સફળ બનાવવા આચાર્ય મીનાબેન ચૌધરી, સુપરવાઈઝર ઈજુબેન ચૌધરી, ભાવનાબેન, હંસાબેન, હંસાબેન અને ધોરણ-૮ના વર્ગશિક્ષકોએ જહેમત ઊઠાવી હતી.

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા વૃદ્ધ નિરાધારોને ખાદ્ય સામગ્રી અને ધો-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓને બોલપેનનું વિતરણ કરાયું હતું. શ્રી ગજાનન સેવા સમિતિ દર ૪૫ દિવસે કુલ ૬૧૦ વૃદ્ધ નિરાધારોને ખાદ્યસામગ્રી આપી સેવા કાર્ય કરે છે. તાજેતરમાં સેવાના ભાગ રૂપે ભિલોડા તાલુકાના ગોઢ તથા જેસીંગપુરા ૧૩૦ વૃદ્ધોને ૩ કિગ્રા ચોખાનું વિતરણ કરવામાં આવ્યું હતું. એકલવ્ય, પાલ્લા એ.પી. ઠાકર માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિકના ૬૨૦ વિદ્યાર્થીઓને ૨ બોલપેનનું વિતરણ કરાયું હતું. આ સેવાકાર્યમાં સમિતિના ભીમજી ગામેતી, મિલિન્દ ગુપ્તે અને કમલેશભાઈ હાજર રહ્યા હતા.

'ગાંધીનગરનો બદલાતો ચહેરો' વિષયે સોમવારે વાર્તાલાપ યોજાશે

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદ દ્વારા વિવિધ વિષયોના તજજ્ઞોને નાગરિક જાગૃતતાના હિતમાં ઉદબોધન અને પરામર્શ માટ દર મહિને કાર્યક્રમ યોજાય છે. જેના ભાગ રૂપે આ વખતે 'ગાંધીનગરનો બદલાતો ચહેરો' એ વિષયે ગાંધીનગરના સૌથી જૂના દૈનિક અખબાર ગાંધીનગર સમાચારના મેનેજીંગ તંત્રી કૃષ્ણકાન્ત જહા, તા. ૭મી માર્ચના રોજ સાંજે ચાર વાગે સે-૨૧ના નમન એપાર્ટમેન્ટમાં ઉદબોધન કરશે.

આ પ્રસંગે ઉપસ્થિત રહેવા સંસ્થાના પદાધિકારીઓ, પ્રબુદ્ધ નગરજનોને સંસ્થા વતી મહામંત્રી નિરંજનભાઈ ઓઝાએ આમંત્રણ પાઠવ્યું છે.

પ્રેરણા વિદ્યાલય ખાતે વિશ્વ પુસ્તક દિવસની ઉજવણી

ગાંધીનગર, તા. ૫

સૅક્ટર-૫ એ ખાતે સ્થિત પ્રેરણા વિદ્યાલય ખાતે વિલિયમ શૅક્સપિયરની જન્મતિથિ નિમિત્તે વિશ્વ પુસ્તક દિવસની ઉજવણી હાથ ધરવામાં આવી હતી.

વિદ્યાર્થીઓના શબ્દભંડોળ, જ્ઞાન તથા વાચનરસમાં વધારો થાય તે હેતુથી લાયબ્રેરીમાં પુસ્તકોના વાચનનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ સાથે શિક્ષકોએ પણ આ પ્રવૃત્તિમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. પુસ્તકના મહત્ત્વ અને તેના વાચનથી આંતરિક શક્તિઓ કેવી રીતે ખીલે છે એ વિષયની રસપ્રદ વાત વિદ્યાર્થીઓને શાળાના આચાર્ય મનિષભાઈ ખત્રી દ્વારા કરવામાં આવી હતી.

બુધવારે ખગ્રાસ સૂર્યગ્રહણનો સુંદર નઝારો : ગુજરાતમાં નહીં જોઈ શકાય

ગાંધીનગર, તા. ૫

દુનિયાના દેશો અને અમુક પ્રદેશોમાં આગામી ૯મી માર્ચે સૂર્યગ્રહણનો અદ્‌ભૂત અવકાશી નઝારો જોવા મળી શકશે. જોકે, ગુજરાત રાજ્યને આ નઝારો જોવાની તક નહીં મળી શકે.

ભારતના પશ્ચિમ ભાગ સિવાયના પ્રદેશોમાં ખંડગ્રાસ સૂર્યગ્રહણ જોવા મળશે જ્યારે ગુજરાતમાં આ દુર્લભ નઝારો જોઈ શકાશે નહીં. હિન્દ મહાસાગરથી ભારતમાં આશરે ૭૦ મિનિટ સુધીનું ગ્રહણ ગ્રસ્તોદિત જોવા મળશે. ભારત જન વિજ્ઞાન જાથાની રાજ્ય કચેરી ગ્રહણ સંબંધી જાગૃતિ કાર્યક્રમો પણ આ પ્રસંગે આપશે.

સંવત ૨૦૭૨ના મહા વદ અમાસ ને તા. ૯મી માર્ચ, બુધવારના રોજ વહેલી સવારે કુંભ રાશિ અને પૂ.ભા. નક્ષત્ર થનાર આ ખગ્રાસ સૂર્યગ્રહણ ભારતના પશ્ચિમ ભાગ સિવાયના પ્રદેશમાં ખંડગ્રાસ જોવા મળશે. આ ગ્રહણ ભારત, શ્રીલંકા, નેપાળ સાથે પૂર્વ એશિયા, ચીનના દક્ષિણ પ્રદેશ, જાપાન, દક્ષિણ કોરિયા, ઑસ્ટ્રેલિયા, અલાસ્કા અને કેનેડાના પશ્ચિમ ભાગોમાં જોવા મળશે.

આ ગ્રહણ હિન્દ મહાસાગરથી આરંભ પામીને પૅસિફિક મહાસાગરમાં સમાપ્ત થશે.

પ્રભુને વહાલા થવું હોય તો એકબીજાને મદદરૂપ બનો

વેપારી અને સુસંસ્કૃત કોમ તરીકે વિશ્વમાં તેમનું માન અને સ્થાન મેળવ્યુ છે તેવી દાઉદી વોહરા કોમ ભારત અને વિશ્વમાં પથરાયેલી છે. આ દાઉદી વોહરાકોમના જ નહીં પરંતુ સમગ્ર માનવ સમાજ માટે પ્રેરણારૂપ એવા ધર્મગુરુ ડો. સૈયદના મોહંમદ બુરહાનુદ્દીન સાહેબ ૬ માર્ચ ૧૯૧૫ના રોજ સુરતમાં જન્મેલા. ૧૯૬૫માં પિતા જનાબ તાહિર સેફુદ્દિનનું અવસાન થતાં ડો.સૈયદના મહંમદ બુરહાનુદ્દીન સાહેબ દાઉદી વોહરા કોમના બાવનમાં દાઈ બન્યા. વોહરા સમાજમાં ધર્મગુરુને દાઈ કહેવામાં આવે છે. સૈયદના મહંમદ બુરહાનુદ્દીન સાહેબે માત્ર છ વર્ષની વયે કુરાને શરીફનું પઠન શરૂ કરી માત્ર ૨૦ વર્ષની વયે કુરાને શરીફ કંઠસ્થ કરી નાખ્યું. ૧૫ વર્ષની વયે હજ અદા કરી અને બુરહાનુદ્દીનનો ખિતાબ હાંસલ કર્યો.. ૧૯૩૫માં તેઓ હાફીઝ થયા. તેમના નિકાહ અમાતુલ્લાહ આઈ સાહેબા સાથે થયા. તેમને સાત પુત્રો અને ત્રણ પુત્રીઓ થઈ. આજે પણ તેમનું સમગ્ર કુટુંબ મુંબઈમા આવેલ સૈફી મહેલમાં રહે છે.

પ્રસંગસર
સતીપ શામળદાન ચારણ
sscharan_aaa@yahoo.co.in

આવા પ્રગતિશીલ ધર્મગુરુ સમાજમાં વિચારોની ક્રાંતિ લાવવામાં અગ્ર રહ્યા હતા. સમૂહ લગ્નોનો વિચાર અને આત્મનિર્ભરતા માટે સમાજને નોકરી- ધંધો કરવાની પ્રેરણા સૈયદના સાહેબે આપી.

સુરત એ સૈયદના સાહેબની ગાદીનું કેન્દ્ર છે. મુસ્લિમ સમાજમાં સ્ત્રી શિક્ષણની પહેલ કરનાર તેઓ હતા. ઉચ્ચ શિક્ષણ મેળવેલા એવા સૈયદના સાહેબ ૧૯૯૯માં અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીના ચાન્સેલર બન્યા. અલ અઝહર યુનિવર્સિટી, ઈજીપ્તે "ડોકટર ઓફ ઈસ્લામિક સાયન્સ" , અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીએ "ડૉકટર ઑફ થિયોલોજી" , યુનિવર્સિટી ઓફ કરાંચી એ "ડોકટર ઓફ લિટરેચર"ની પદવીથી બિરદાવ્યા છે. સૈયદના સાહેબની દીર્ઘ દ્રષ્ટિને કારણે જ વોહરા સમાજ તેમના દાઈ તરીકેના ૪૯ વર્ષના શાસનકાળ દરમિયાન શૈક્ષણિક, આર્થિક, સામાજિક અને રાજકીય રીતે આગળ આવ્યો. મુંબઈમાં વોહરા સમાજના આર્થિક વિકાસ માટે સેફી બુરહાની ઉત્કર્ષ ટ્રસ્ટની સ્થાપના કરી તેમજ સમાજના આરોગ્યની જાળવણી માટે વિશ્વની આધુનિક સૈફી હોસ્પિટલનું નિર્માણ કર્યુ. મધ્યમ વર્ગ માટે મુંબઈમાં સસ્તા દરના ફ્લેટો બનાવ્યા તો બીજી બાજુ કેરો (ઈજીપ્ત)માં આવેલ મસ્જિત ઓફ અલ હકીમનું નવનિર્માણ કર્યુ. તેઓ હંમેશાં કહેતા કે : 'પ્રભુને વહાલા થવું હોય તો એકબીજાને મદદરૂપ બનો. તમારા વતન પ્રત્યે પ્રેમ રાખો અને બધા જ માનવો પ્રત્યે સહાનુભૂતિ રાખો.

પરીક્ષામાં ઊચ્ચ ગુણાંક મેળવવાની ચાવી

વિદ્યાર્થી મિત્રો! શા માટે એક જ શાળા, કોલેજ કે યુનિવર્સિટી ભણતા વિદ્યાર્થીઓ પૈકી અમુક વિદ્યાથીઓ ટોપ ટેનમાં આવે છે તો અમુક વિદ્યાર્થીઓ પરીક્ષામાં નાપાસ થાય છે ? શા માટે એક જ શાળા, કોલેજ કે યુનિવર્સિટી ભણતા વિદ્યાર્થીઓ પૈકી અમુક વિદ્યાથીઓ ઉત્સાહથી અભ્યાસ કરે છે તો અમુક વિદ્યાર્થીઓને અભ્યાસમાં મજા જ નથી આવતી? શા માટે એક જ શાળા, કોલેજ કે યુનિવર્સિટી ભણતા વિદ્યાર્થીઓ પૈકી અમુક વિદ્યાર્થીઓ અભ્યાસમાં નબળા હોવા છતાં પોઝીટીવ હોય છે તો અમુક વિદ્યાર્થીઓ શા માટે આત્મહત્યા કરી લે છે.?

વિદ્યાર્થી મિત્રો! આ તમામ પ્રશ્નોના જવાબો આપણા મગજ-મન પાસે છે. આ તમામ પ્રશ્નોના જવાબોનું રહસ્ય આપણું મગજ-મન જાણે છે. પણ મોટા ભાગના માણસો મગજ-મનની શક્તિઓ, મગજ-મનના નિયમો, મગજ-મનના પ્રેરકબળો અને મગજ-મનના અવરોધક બળો વિશે આજાણ-અજ્ઞાન હોવાથી ભરપૂર સામર્થ્ય, કૌશલ્ય અને શક્તિ સાથે જ સ્મશાનમાં કાયમી પોઢી જાય છે.

પણ...જો મનુષ્ય મગજ-મનની શક્તિઓ, મગજ-મનના નિયમો, મગજ-મનના પ્રેરકબળો અને મગજ-મનના અવરોધક બળો વિશે જાણે તો અવશ્ય પોતાના અસલ સામર્થ્યનો પરિચય આપીને પોતાના કર્તવ્યની છાપ વિશ્વમાં છોડી જાય છે. માટે જીવનમાં જેઓએ શૈક્ષણિક, શારીરિક, આર્થિક, વ્યવસાયિક, સામાજિક અને આધ્યાત્મિક સફળતા ઝંખે છે તેઓએ મગજ-મનની શક્તિઓ, મગજ-મનના નિયમો, મગજ-મનના પ્રેરકબળો અને મગજ-મનના અવરોધક બળો વિશે જાણકારી મેળવવી જોઈએ.

મગજ એ હાથ, પગ, આંખ, નાક, કાન, જીભની જેમ માનવ શરીરનો એક ભાગ છે. જ્યારે મન એક વૈશ્વિક શક્તિ છે, વૈશ્વિક ચેતના છે. અને ચેતના ક્યારેય જોઈ શકાતી નથી પણ અનુભવી શકાય છે. મગજ એ પાવર હાઉસ જેવું છે અને મન એ ઈલેકટ્રીક કરન્ટ સમાન છે. અને મગજ-મન એકબીજા પરસ્પર પૂરક છે. મનને ઈલેકટ્રીક કરન્ટના સંદર્ભે જોઈએ તો ઈલેકટ્રીક સપ્લાય દ્વારા આપણા ઘરમાં પ્રકાશ પથરાય છે. ટીવી, એસી, પંખા, ફ્રિઝ ચાલે છે. પણ જો આ વિદ્યુત ઉપકરણોને વધુ કે ઓછો સપ્લાય મળે તો વિદ્યુત ઉપકરણોને નુકશાન થાય છે.

મનના સંદર્ભે વિચારીએ તો ભય, ડર, શંકા, ગભરામણ, વ્યાકુળતા, ઈર્ષા, ઘૃણા, વેરઝેર, વ્યંગ, કટાક્ષ, આળસ, નિરાશા, હતાશા એ મનના અવરોધો છે. જ્યારે ધારણા, કલ્પના, માન્યતા, અભિગમ, વિધાયક વાણી, પ્રાર્થના, ઓટોસજેશન, ધ્યાન, મનોદર્શન એ મનનાં પ્રેરકબળો છે. માટે વિદ્યાર્થીઓએ પરીક્ષામાં ઊચ્ચ ગુણાંક મેળવવા મનને પ્રેરતા બળોને સહારે નીચેના કેટલાક વાસ્તવિક અને માનસિક પ્રયાસો કરવા જોઈએ. કારણ કે માનસિક પ્રયાસો મનને અત્યંત પ્રભાવિત કરે છે અને અસરકારક પરિણામ આપે છે. પરીક્ષામાં ઊચ્ચ ગુણાંક મેળવવાની આ ચાવી છે.

- ડૉ. ભાણજી એચ. સોમૈયા

- ૩૦થી ૪૦ મિનિટમાં પરીક્ષા વિષયક પ્રશ્ન લખાઈ જાય તે રીતે દરરોજ ઘેરબેઠા લેખન પ્રયાસ કરવો જોઈએ.
- આ લખાયેલા પ્રશ્નના જવાબને આંખો બંધ કરી મોન કે ધ્યાન અવસ્થામાં વાંચવાનો પ્રયાસ કરવો જોઈએ.જઆ લખાયેલા પ્રશ્નના જવાબને આંખો બંધ કરી બોલવાનો પ્રયત્ન કરવો જોઈએ.
- કેટલા માર્ક-ગુણ આવશે તે ધારણા બાંધવી જોઈએ.જઆ ધારણાને નોટબુકમાં લખવી જોઈએ.જઆ ધારણાને નોટબુકમાં ઘૂંટવી જોઈએ.
- આ ધારણાને સવારે ઊઠતી વખતે, રાત્રે સૂતી વખતે વાંચવી જોઈએ.જઆ ધારણાને પ્રાર્થના, ઓટોસજેશન, ધ્યાન, મનોદર્શન દરમ્યાન સ્મરણ કરવું જોઈએ.
- આ ધારણા સાકાર થઈ ગઈ છે તેવી કલ્પના કરવી જોઈએ.
- આ ધારણામાં ૧૦૦% માનવું જોઈએ.
- આ ધારણા સબંધી વાણીનું ઉચ્ચારણ કરવું જોઈએ.
- આ ધારણા સબંધી રટણ કરવું જોઈએ.